ગુજરાત સમાચાર, પાના નંબર :- ૦૬

તારીખ :- ૧૫ | ૧૦ | ૨૦૨૬

## નવરાત્રી પર્વની ઉજવણી સંદર્ભે

# મેટ્રો રેલ રાત્રે બે વાગ્યા સુધી અને BRTS બસ ૧૨.૩૦ સુધી દોડશે

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં નવરાત્રીના તહેવારો સંદર્ભે મેટ્રો રેલવે રાત્રે બે વાગ્યા સુધી અને જીએમડીસી ગ્રાઉન્ડથી બીઆરટીએસની બસ રાત્રે ૧૨.૩૦ વાગ્યા સુધી દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અલબત, મેટ્રો રેલવેમાં આ ખાસ મુસાફરી માટે લોકોએ વધારાની કિંમત પણ ચૂકવવી પડશે.

## મુસાફરોએ કિંમત પણ ચૂકવવી પડશે! વધારાના સમયમાં રૂપિયા ૫૦ની પેપર ટિકિટ જ ચાલશે

અમદાવાદમાં સામાન્ય રીતે મેટ્રો રેલવે રાત્રે ૧૧ વાગ્યા સુધી ચાલે છે. પરંતુ હાલમાં નવરાત્રીનો તહેવાર ચાલી રહ્યો હોય આગામી ૧૯ ઓક્ટોબર સુધી શહેરના ચાર મુખ્ય સ્ટેશન વસ્ત્રાલ, થલતેજ, કોટેશ્વર અને એપીએમસીથી રાત્રે બે વાગ્યા સુધી મેટ્રો રેલવેની સુવિધા ચાલુ રાખવામાં આવશે. જ્યારે એપીએમસીથી ગાંધીનગર સેક્ટર-૧ સુધી રાત્રે પોણા વાગ્યા સુધી મેટ્રો રેલ ચાલુ રહેશે. જોકે આ વધારાના સમય દરમિયાનની મુસાફરી માટે રૂપિયા ૫૦ની પેપર ટિકિટ જ માન્ય રહેશે. એટલે કે સામાન્ય ટિકિટ ચાલશે નહીં. લોકોએ વધારે પૈસા ચૂકવવા પડશે. બીજી તરફ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડથી ઝુંડાલ, મણિનગર અને ઓઢવ તળાવ સુધીના રૂટ પર રાત્રે ૧૨.૩૦ વાગ્યા સુધી બીઆરટીએસ બસની સેવા ચાલુ કરાઈ છે. જનમાર્ગના યુનિવર્સિટી સ્ટેશનથી આ ત્રણ રૂટ પર વધારાની ૧૦ બસ દોડાવવામાં આવી રહી છે. એએમટીએસના ખાડે ગયેલા તંત્ર દ્વારા રાબેતા મુજબ કોઈ નવી વ્યવસ્થા શહેરીજનો માટે ગોઠવવામાં આવી નથી.

### કેટલા વાગ્યા સુધી મેટ્રો રેલ મળશે?

| રૂટ | છેલ્લી ટ્રેન |
|---|---|
| વસ્ત્રાલ ગામથી થલતેજ તરફ | રાત્રે ૨.૦૦ |
| થલતેજ ગામથી વસ્ત્રાલ તરફ | રાત્રે ૨.૧૫ |
| એપીએમસીથી કોટેશ્વર રોડ | રાત્રે ૨.૧૪ |
| કોટેશ્વર રોડથી એપીએમસી | રાત્રે ૨.૦૭ |
| એપીએમસીથી સેક્ટર-૧ | રાત્રે ૧૨.૪૪ |
| સેક્ટર-૧થી એપીએમસી | રાત્રે ૧૨.૩૮ |